ક્રમાંક : એન-૫/ICDS/ પુ.પો./ પ્રમાણ/દર/ સુધારો/ ૧૧૬૦૮ થી ૧૨૦૨૧/૧૦
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
બ્લોક નં. ૧૬/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.    તા. ૧૦ / ૫ / ૨૦૧૦

# પરિપત્ર

**વંચાણે લીધા :-**

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર નં. F.No.5-9/2005/ND/Tech (Vol. II) તા.૨૪/૨/૨૦૦૯
(૨) ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી-૧૧૨૦૦૯-૫૩૬-બ, તા.૧૦/૬/૨૦૦૯
(૩) ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી-૧૧૨૦૦૯-૧૭૪૦-બ, તા.૨૭/૮/૨૦૦૯
(૪) ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી-૧૧૨૦૦૯-૭૩૨૨૪૧-બ, તા.૨૪/૧૨/૨૦૦૯
(૫) ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી-૧૧૨૦૦૯-૭૦૬૦૯૫-બ, તા.૧/૧/૨૦૧૦
(૬) ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી-૧૧૨૦૦૯-૧૭૪૦-બ, તા.૧૫/૨/૨૦૧૦
(૭) ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી-૧૧૨૦૦૯-૧૭૪૦-બ, તા.૨૪/૨/૨૦૧૦
(૮) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક એન-૫ / આઇસીડીએસ / પુરકપોષણ / પ્રમાણ સુધારો /૦૬ તારીખ: ૯/૪/૦૭
(૯) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક એન-૫ / આઇસીડીએસ / પુરકપોષણ / પ્રમાણ /સુધારો /૦૯ તારીખ: ૨૦/૧૧/ ૦૯ નો પત્ર

વંચાણે લીધેલ સંદર્ભ (૧) થી ભારત સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત પુરકપોષણના દર તેમજ પોષણના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| લાભાર્થી વર્ગ | સુધારેલ દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન) | કેલેરી (કિ.કેલેરી) | પ્રોટીન (ગ્રામ) |
|---|---|---|---|
| બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૪-૦૦ | ૫૦૦ | ૧૨ – ૧૫ |
| અતિશય ઓછા વજનવાળા બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૬-૦૦ | ૮૦૦ | ૨૦ – ૨૫ |
| સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ | રૂ. ૫-૦૦ | ૬૦૦ | ૧૮ – ૨૦ |

ઉપર્યુક્ત દર્શાવેલ જુદા-જુદા લાભાર્થીઓને જણાવ્યા મુજબના દરે નિયત કરેલ કેલેરી – પ્રોટીન ઉપરાંત આવશ્યક સુક્ષ્મ પોષક તત્વોયુક્ત પુરકપોષણ આહાર પુરો પાડવાનો થાય છે.

વંચાણે લીધેલ સંદર્ભ (૨) થી ગુજરાત સરકાર દ્વારા ભારત સરકારનાતા.૨૪/૨/૦૯ના પત્રમાં જણાવેલ જોગવાઈઓ મુજબ ઉપર દર્શાવેલ સુધારેલ પુરકપોષણના માપદંડો મુજબ અને તેના

અમલને લગતી ભારત સરકારની સુચનાઓ મુજબ સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ લાભાર્થીઓને પુરકપોષણ આપવાને લગતી બાબતને તારીખઃ ૧૦/૬/૨૦૦૯ થી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ સંદર્ભ (૩) થી (૭) અન્વયે રાજ્ય સરકારે પુરકપોષણ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને માતૃમંડળો દ્વારા સવારનો ગરમ નાસ્તો, ફળ, THR તરીકે સુખડી આપવાની યોજનાઓને તબક્કાવાર મંજૂરી આપેલ છે. આ ઠરાવોની જોગવાઈઓ અનુસાર તેમજ વખતો-વખત કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા આપવામાં આવેલ સુચનાઓ મુજબ વિકેન્દ્રીકરણની પદ્ધતિથી પુરકપોષણ કાર્યક્રમની અમલવારી કરવાની સુચનાઓ આપેલ છે.

**સંદર્ભ- ૮ અને ૯ ના પત્રો થી પુરકપોષણ ના પ્રમાણ અંગેની આપેલ સુચનાઓમાં આ પરીપત્રનો અમલ શરૂ થતા સુધારો ગણવાનો રહેશે**. ઉપર જણાવેલ મંજૂરી તથા જોગવાઈઓ અન્વયે પરિશિષ્ટ-૧ થી ૬ મુજબ નીચે પ્રમાણેની માર્ગદર્શક સુચનાઓ અનુસાર પુરકપોષણ કાર્યક્રમની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

[A] ૬ માસથી ૩ વર્ષના બાળકોને **THR (Take Home Ration)** તરીકે **Energy Dense Extruded Fortified Blended Food (EFBF)** – બાલભોગ વડે પુરકપોષણ આપવાનું

***પરિશિષ્ટ – ૧***

| વિગત | ૬ માસ થી ૩ વર્ષ ના બાળકો | ૬ માસ થી ૩ વર્ષ ના અતિશય ઓછા વજન વાળા બાળકો |
|---|---|---|
| પુરકઆહારનું નામ | **EFBF( બાલભોગ)** | **EFBF( બાલભોગ)** |
| પુરક આહાર ની પધ્ધતિ | **ટેઇક હોમ રેશન (THR)** | **ટેઇક હોમ રેશન (THR)** |
| લાભાર્થી દીઠ દૈનિક પ્રમાણ | **૧૨૫ ગ્રામ** | **૧૮૫ ગ્રામ** |
| માસિક પુરક પોષણના દિવસો | **૨૮** | **૨૮** |
| વાર્ષિક પુરક પોષણના દિવસો | **300** | **300** |
| EFBF પેકેટનું વજન | **૫00 ગ્રામ** | **૫00 ગ્રામ** |
| **એક માસ માટે લાભાર્થી ને પુરકપોષણ આપવા માટે પેકેટની જરૂરીયાત** | **૭.** | **૧૦.** |
| **કેલેરી નું પ્રમાણ કીલો કેલેરી** | **૫00** | **૮00** |
| **પ્રોટીનનું પ્રમાણ ગ્રામ** | **૧૨ થી ૧૫** | **૨૦ થી ૨૫** |

- → ૬ માસથી ૩ વર્ષના બાળકોને દૈનિક ૧૨૫ ગ્રામ પ્રમાણે માસમાં ૨૮ દિવસ (વાર્ષિક ૩૦૦ દિવસ) પુરકપોષણ આહાર આપવા માટે THR તરીકે EFBF – બાલભોગના ૭ (સાત) પેકેટ પ્રતિ માસ આપવાના રહેશે.
- → ૬ માસથી ૩ વર્ષના WHO ગ્રોથ સ્ટાન્ડર્ડ પ્રમાણે ઓળખી કાઢેલ અતિશય ઓછા વજનવાળા બાળકોને દૈનિક ૧૮૫ ગ્રામ પ્રમાણે માસમાં ૨૮ દિવસ (વાર્ષિક ઓછામાં ઓછા ૩૦૦ દિવસ) પુરકપોષણ આહાર આપવા માટે THR તરીકે EFBF – બાલભોગના ૧૦ (દસ) પેકેટ પ્રતિ માસ આપવાના રહેશે.

**[B] સગર્ભા, ધાત્રી, કિશોરીઓ ને (THR) તરીકે સુખડી પ્રિમીક્ષ, શીરો પ્રિમીક્ષ, ઉપમા પ્રિમીક્ષ વડે પુરક પોષણ આપવાનું *પરિશિષ્ટ*–૨**

| વિગત | સગર્ભા, ધાત્રી માતાઓ, કિશોરીઓ | | | |
|---|---|---|---|---|
| પુરકઆહારનું નામ | સુખડી માતૃ મંડળ દ્વારા # | સુખડી પ્રિમીક્ષ | શીરોપ્રિમીક્ષ | ઉપમા પ્રિમીક્ષ |
| પુરક આહાર ની પધ્ધતિ | ટેઇક હોમ રેશન (THR) | ટેઇક હોમ રેશન (THR) | ટેઇક હોમ રેશન (THR) | ટેઇક હોમ રેશન (THR) |
| લાભાર્થી દીઠ દૈનિક પ્રમાણ ગ્રામ | ૧૩૦ ગ્રામ | ૧૩૦ ગ્રામ | ૧૪૦ | ૧૩૦ |
| માસિક પુરક પોષણના દિવસો | ૯ | ૯ | ૮ | ૮ |
| વાર્ષિક પુરક પોષણના દિવસો | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| પેકેટનું વજન | ૧૩૦ ગ્રામ | ૧૦૦૦ ગ્રામ ( ૧ કીલો) | ૫૦૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
| ૨૫ દિવસ લાભાર્થી ને પુરકપોષણ આપવા માટે ગ્રામ ની જરૂરીયાત | ૧૧૭૦ | ૧૦૦૦ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| **એક માસ માટે લાભાર્થી ને પુરકપોષણ આપવા માટે પેકેટની જરૂરીયાત** | અઠવાડીયામાં બે દિવસ ૧૩૦ ગ્રામ પ્રતિ દીન | ૧. | ૩. | ૨. |
| કેલેરી નું પ્રમાણ કીલો કેલેરી | ૬૦૦ | ૬૦૦ | ૬૦૦ | ૬૦૦ |
| પ્રોટીનનું પ્રમાણ ગ્રામ | ૧૮- ૨૦ | ૧૮- ૨૦ | ૧૮- ૨૦ | ૧૮- ૨૦ |

**# સુપરવાઇઝર દીઠ બે સખી મંડળો અથવા માતૃમંડળો દ્વારા મંડળ દીઠ પાંચ આંગણવાડી કેન્દ્રો ખાતે અઠવાડીયામાં બે દિવસ રોસ્ટેડ પધ્ધતિથી સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્રો ખાતેથી વિતરણ કરવાનું રહેશે. માતૃમંડળ દ્વારા અપાતી સુખડી દ્વારા પુરકપોષણ મેળવતા સગર્ભા, ધાત્રી માતાઓ, કિશોરીઓ સુખડી પ્રિમીક્ષ નું એક કીલોનું પેકેટ આપવાનું રહેશે. નહી.**

→ સગર્ભા, ધાત્રી અને કિશોરીઓને THR તરીકે દૈનિક ૧૩૦ ગ્રામ પ્રમાણે ૧ (એક) પેકેટ (૧ કીલો) સુખડી પ્રિમિક્સના (માતૃમંડળ સિવાયના), દૈનિક ૧૪૦ ગ્રામ પ્રમાણે ૩ (ત્રણ) પેકેટ (૫૦૦ ગ્રામ) શીરા પ્રિમિક્સના અને દૈનિક ૧૩૦ ગ્રામ પ્રમાણે ૨ (બે) પેકેટ (૫૦૦ ગ્રામ) ઉપમા પ્રિમિક્સના આપવાના રહેશે. (વાર્ષિક ૩૦૦ દિવસ પુરકઆહાર આપવાનો રહેશે.)

**માતૃમંડળ/સખી મંડળ મારફત સગર્ભા, ધાત્રી, કિશોરીઓ ને (THR) તરીકે સુખડી આપવાનું *પરિશિષ્ટ*–૨/અ**

| ક્રમ | સુખડી માટેની સામગ્રી | પ્રમાણ | અમલવારી ની સુચનાઓ |
|---|---|---|---|
| ૧ | ઘઉ | ૧૭ ગ્રામ | સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ટેક હોમ રેશન તરીકે સુપરવાઇઝર દીઠ બે સખી મંડળો અથવા માતૃમંડળો દ્વારા મંડળ દીઠ પાંચ આંગણવાડી કેન્દ્રો ખાતે અઠવાડીયામાં બે દિવસ રોસ્ટેડ પધ્ધતિથી સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્રો ખાતેથી વિતરણ કરવાનું રહેશે. મહીલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઇસીડી- ૧૧૨૦૦૯-૧૭૪૦-બ તારીખ ૨૪-૨-૨૦૧૦ ની સુચનાનો તથા એન-૫ / આઇસીડીએસ/ મા.મં.ગ.ના./ THR/ સુખડી ૦૯-૧૦/ ૬૦૯૯-૬૧૨૪ તા. ૧૧/૩/૨૦૧૦ નો અમલ કરવાનો રહેશે. |
| ૨ | સોયાબીન | ૩૩ ગ્રામ | |
| ૩ | તેલ | ૩૦ ગ્રામ | |
| ૪ | ગોળ | ૫૦ ગ્રામ | |
| | કુલ | ૧૩૦ ગ્રામ | |
| સુખડી બનાવવાની પધ્ધતિ | | રોસ્ટેડ | |
| સુખડી કોન બનાવશે. | | માતૃમંડળ/ સખી મંડળ | |
| ખર્ચની જોગવાઇ | | લાભાર્થી દીઠ- ૫ રૂપીયા | |
| THR નો સમયગાળો | | અઠવાડીયામાં બે દિવસ | |

[C] ૩ થી ૬ વર્ષના બાળકો ને પુરકઆહાર આપવા માટે ***પરિશિષ્ટ – ૩ અને ૪***

**૩ થી ૬ વર્ષના બાળકો ને આંગણવાડી કેન્દ્રમાં સવારે નાસ્તા માટે માતૃમંડળ / સખી મંડળ તથા આંગણવાડી કાર્યકર દ્વારા શીરો અને ઉપમા વડે પુરકઆહાર આપવાનું *પરિશિષ્ટ* -3**

| વિગત | ૩ થી ૬ વર્ષ ના લાભાર્થી | | |
|---|---|---|---|
| **પુરકઆહારનું નામ** | તીખી અને ગળ્યો નાસ્તો | શીરો | ઉપમા |
| **પુરક આહાર ની પધ્ધતિ** | માતૃમંડળ દ્વારા આંગણવાડી માં સવારે નાસ્તા માટે | આંગણવાડી માં સવારે નાસ્તા માટે | આંગણવાડી માં સવારે નાસ્તા માટે |
| **લાભાર્થી દીઠ દૈનિક પ્રમાણ ગ્રામ** | ૫૦ | ૫૦ | ૫૦ |
| **પુરકઆહાર આપવાના વાર** | મંગળવાર અને શુક્રવાર | સોમવાર અને ગુરૂવાર | બુધવાર અને શનિવાર |
| **માસિક પુરક પોષણના દિવસો** | ૮ | ૯ | ૮ |

**૩ થી ૬ વર્ષના બાળકો / અતિશય ઓછા વજન વાળા બાળકોને આ.વાડી પર ગરમઆહાર તથા THR તરીકે બાલભોગ વડે પુરકપોષણ આપવાનું *પરિશિષ્ટ* -૪**

| વિગત | ૩ થી ૬ વર્ષ ના બાળકો આંગણવાડીખાતે | ૩ થી ૬ વર્ષ ના અતિશય ઓછા વજન વાળા બાળકો આંગણવાડી માં મળેલ પુરકઆહાર ઉપરાંત THR તરીકે EFBF ( બાલભોગ) | ૩ થી ૬ વર્ષ ના બાળકોને દૈનિક મળનાર કુલ પુરકઆહાર |
|---|---|---|---|
| પુરકઆહારનું નામ | ગરમ આહાર | EFBF( બાલભોગ) | કુલ |
| પુરક આહાર ની પધ્ધતિ | આંગણવાડી ખાતે સવારે તથા બપોરે ગરમ પુરકઆહાર | ટેઇક હોમ રેશન (THR) | |
| લાભાર્થી દીઠ દૈનિક પ્રમાણ | ૧30 | ૭૫ ગ્રામ | **205** |
| માસિક પુરક પોષણના દિવસો | ૨૫ | ૨૮ | ૨૮ |
| વાર્ષિક પુરક પોષણના દિવસો | 300 | 300 | 300 |
| EFBF પેકેટનું વજન | 0 | ૫૦૦ ગ્રામ | |
| **THR તરીકે પુરકપોષણ આપવા માટે પેકેટની જરૂરીયાત** | 0 | ૪ | |
| કેલેરી નું પ્રમાણ કીલો કેલેરી | ૫૦૦ | 300 | ૮૦૦ |
| પ્રોટીનનું પ્રમાણ ગ્રામ | ૧૨ થી ૧૫ | ૮ થી ૧૦ | ૨૦ થી ૨૫ |

- → ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને સવારે માતૃમંડળ/ સખી મંડળ દ્વારા બનાવવામાં આવતો ગરમ નાસ્તો આંગણવાડી કેન્દ્ર પર દર મંગળવાર અને શુક્રવારના દિવસે દૈનિક ૫૦ ગ્રામ પ્રમાણે આપવાનો રહેશે.
- → દર સોમવારે અને ગુરૂવારે આંગણવાડી કાર્યકરે ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને આંગણવાડી કેન્દ્ર પર સવારે શીરા પ્રિમિક્સમાંથી બનેલ નાસ્તો દૈનિક ૫૦ ગ્રામ પ્રમાણે આપવાનો રહેશે.
- → દર બુધવાર અને શનિવારે આંગણવાડી કાર્યકરે ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને આંગણવાડી કેન્દ્ર પર સવારે ઉપમા પ્રિમિક્સમાંથી બનેલ નાસ્તો દૈનિક ૫૦ ગ્રામ પ્રમાણે આપવાનો રહેશે
- → ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને આંગણવાડી કાર્યકરે બપોરે દૈનિક ૮૦ ગ્રામ કાચી ખાધ્યસામગ્રી નું પ્રમાણ જાળવી આંગણવાડી પર ફોર્ટીફાઈડ આટા અને તેલ, ગોળ/મસાલા માંથી બનાવેલ ગરમ આહાર આપવાનું રહેશે. આમ ૩ થી ૬ વર્ષના તમામ બાળકોને સવારે અને બપોરે મળી દૈનિક ૧૩૦ ગ્રામ પુરક આહાર આંગણવાડી માં આપવાનો રહેશે.

→ ૩ થી ૬ વર્ષના અતિશય ઓછા વજનવાળા બાળકોને કૂલ ૨૦૫ ગ્રામ દૈનિક આહાર પૈકી ૫૦ + ૮૦ = ૧૩૦ ગ્રામ મુજબ આંગણવાડીમાં ગરમ પુરક આહાર આપવાનો રહેશે. <u>જ્યારે દૈનિક ૭૫ ગ્રામ પુરકઆહાર EFBF – બાલભોગમાંથી મળી રહે તે માટે EFBF બાલભોગ ના ૫૦૦ ગ્રામ ના માસ માં ૪ પેકેટ THR તરીકે પુરકપોષણ આપવા માટે આપવાના રહેશે. લાભાર્થીની માતાને આ અંગે સમજ આપવાની રહેશે.</u>

[D] **મહીલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઇસીડી- ૧૧૨૦૦૯-૧૭૪૦-બ તારીખ ૨૪-૨-૨૦૧૦** ના ઠરાવ મુજબ માતૃમંડળ- સખીમંડળ દ્વારા ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં સવારે ગરમ નાસ્તો તથા સગર્ભા, ધાત્રી, કિશોરીઓને સુખડી THR તરીકે આપવા માટેનું ***<u>પરિશિષ્ટ – ૫</u>***

- → ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા દર મંગળવારે અને શુક્રવારે સવારના નાસ્તામાં દૈનિક ૫૦ ગ્રામ પ્રમાણે ગરમ નાસ્તો બનાવીને આપવાનો રહેશે.
- → માતૃમંડળ દ્વારા **રૂ. ૨-૦૦** પ્રતિ લાભાર્થી પ્રતિદિન ખર્ચની મર્યાદામાં અઠવાડીયામાં બે દિવસ ૫૦ ગ્રામ મુજબ ગરમ નાસ્તા વડે પુરકપોષણ આપવાનું રહેશે.
- → માતૃમંડળ દ્વારા માસિક રૂપીયા ૧૦ પ્રતિ લાભાર્થી ફળ ખરીદીને લાભાર્થીને આપવાના રહેશે.
- → ***<u>સગર્ભા, ધાત્રી, કિશોરીઓને સુખડી THR તરીકે આપવા માટે સુપરવાઇઝર દીઠ બે માતૃ મંડળ / સખી મંડળ પસંદ કરી માતૃ મંડળ / સખી મંડળ દીઠ ૫ આંગણવાડી માં ઠરાવ માં દર્શાવ્યા મુજબ રૂપીયા-૫/- ની જોગવાઇ મુજબ અઠવાડીયામાં બે દિવસ ૧૩૦ ગ્રામ પ્રતિ દીન સુખડી THR તરીકે આપવાની રહેશે. માતૃ મંડળ દ્વારા જે સગર્ભા, ધાત્રી માતાઓ અને કિશોરીઓને રોસ્ટેડ સુખડી આપવામાં આવે તેઓને સુખડી પ્રિમિક્ષનું એક કીલોનું પેકેટ આપવાનું રહેશે નહી તેઓને શીરો અને ઉપમા ના પેકેટ પરિશિષ્ટ-૨ ની ગણત્રી મુજબ આપવાના રહેશે.</u>***
- → માતૃમંડળ/ સખીમંડળ મહીલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઇસીડી- ૧૧૨૦૦૯-૧૭૪૦-બ તારીખ ૨૪-૨-૨૦૧૦ ની શરતો મુજબ કામ કરે તે માટે પો.ઓશ્રી, બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, સુપરવાઇઝરે માતૃમંડળની કામગીરીનું નીરીક્ષણ કરી સહકાર આપી મદદ કરવાની રહેશે. તથા કામગીરીનો રીપોર્ટ દર માસે કરવાનો રહેશે.

→ મહીલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઇસીડી- ૧૧૨૦૦૯-૧૭૪૦-બ તારીખ ૨૪-૨-૨૦૧૦ ના ઠરાવ મુજબ માતૃમંડળ- સખીમંડળ દ્વારા ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં સવારે ગરમ નાસ્તો, ફળ,દુધ તથા સગર્ભા, ધાત્રી, કિશોરીઓને સુખડી THR તરીકે આપવા **માટે** જિલ્લા પંચાયત ના તમામ ઘટકોમાં આવેલ જિલ્લા પંચાયત સંચાલીત આંગણવાડીઓ / મહાનગરપાલીકા સંચાલીત અને સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલીત આંગણવાડીઓના લાભાર્થીઓ માટે ગ્રાન્ટ પ્લાન સદરેથી ફાળવવામાં આવશે. આ ગ્રાન્ટ પોગ્રામ ઓફીસરશ્રીએ સંબધીત માતૃમંડળ/ સખી મંડળના ખાતામાં જમા કરાવવા માટે સબંધીત ઘટક / કોર્પોરેશન/ બીન સરકારી સ્વૈ સંસ્થાઓ ને આપવાની રહેશે.

→ દુધ સંજીવની યોજના હેઠળ ના જિલ્લાઓમાં લાભાર્થી દીઠ ૨.૪૫ પૈસાની જોગવાઇ અનુસાર અઠવાડીયામાં બે દિવસ ૧૦૦ ગ્રામ મુજબ દુધ આપવાનું રહેશે.

[F] **આંગણવાડી કાર્યકર દ્વારા ૩ થી ૬ વર્ષના બાળકો માટે આંગણવાડી માં તૈયાર કરવામાં આવતો પુરકઆહાર માટેના ખર્ચ અને પ્રમાણ ની વિગતનું *પરિશિષ્ટ – ૬***

| વિગત | પ્રમાણ અને પૈસા | પૈસા | રીમાર્કસ |
|---|---|---|---|
| શીરા પ્રિમિક્ષ | **૫૦ ગ્રામ** | | સ્ટેટ સપ્લાય |
| ઉપમા પ્રિમિક્ષ | **૫૦ ગ્રામ** | | સ્ટેટ સપ્લાય |
| ફોર્ટીફાઇડ આટો | **૬૫ ગ્રામ** | | સ્ટેટ સપ્લાય |
| તેલ | **૫ ગ્રામ** | | સ્ટેટ સપ્લાય |
| ગોળ | **૫ ગ્રામ (૧)** | **૧૫ પૈસા** | આ.વાડી કાર્યકર દ્વારા સ્થાનિક ખરીદી કરશે. . |
| મસાલા | **૫ ગ્રામ (૨)** | **30 પૈસા** | |
| **કુલ** | **૮૦ ગ્રામ** | **૪૫ પૈસા** | |
| બળતણ ખર્ચ (3) | | **૨૦ પૈસા** | આંગણવાડી કેન્દ્રમાં કાર્યકર દ્વારા પુરક આહાર બનાવવાનો માટેનો ખર્ચ |
| **આંગણવાડી કાર્યકર ને લાભાર્થી દીઠ ગોળ મસાલા બળતણ નો મળવાપાત્ર કુલ દૈનિક ખર્ચ. (૧૫ + 30 + ૨૦)** | | **૬૫ પૈસા** | |
| વાહતુક ખર્ચ (ઘટકના નિગમના ગોડાઉનમાંથી આંગણવાડી માં તેલ પહોંચાડવા ની વ્યવસ્થા માટે) | | **૧૦ પૈસા** | સીડીપીઓ વ્યવસ્થા કરશે. |

→ દર સોમવાર અને ગુરૂવારના રોજ શીરા પ્રિમીકસ ૫૦ ગ્રામ અને દર બુધવાર અને શનિવારના રોજ ઉપમા પ્રિમીકસ ૫૦ ગ્રામ વડે ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી કેન્દ્ર પર સવારનો નાસ્તો આંગણવાડી કાર્યકરે બનાવીને આપવાનો રહેશે.

→ બપોરે ફોર્ટીફાઇડ આટા, તેલ ગોળ ખાંડ કુલ ૮૦ ગ્રામ માંથી બનેલ વાનગી દ્વારા ૩ થી ૬ વર્ષના બાળકોને પુરક પોષણ આહાર આપવાનો રહેશે.

→ આ અંગે આંગણવાડી કાર્યકર ને ***પરિશિષ્ટ – ૬ માં જણાવ્યા મુજબ ગોળ મસાલા અને બળતણ ના ૬૫ પૈસા લાભાર્થી દીઠ ચુકવવાના રહેશે. વાહતુક નો પ્રતિ લાભાર્થી ૧૦ પૈસા મુજબનો ખર્ચ બાળ વિકાસ યોજના અધિકારીશ્રીએ વાહતુક કરાર કરી નિયમોનુંસાર કરવાનો રહેશે.***

→ આ હેતુ માટે જિલ્લા પંચાયત ના તમામ ઘટકોમાં આવેલ જિલ્લા પંચાયત સંચાલીત આંગણવાડી /મહાનગરપાલીકા સંચાલીત અને સ્વૈચ્છિક સંસથાઓ સંચાલીત આંગણવાડીઓના લાભાર્થી દીઠ, ૦.૭૫ પૈસા પ્રમાણેની ગ્રાન્ટ પ્લાન સદરેથી ફાળવવામાં આવશે. આ ગ્રાન્ટ પોગ્રામ ઓફીસરશ્રીએ સંબધીત આંગણવાડી વર્કરના ખાતામાં જમા કરાવવા માટે સબંધીત ઘટક / કોર્પોરેશન/ બીન સરકારી સ્વૈ સંસ્થાઓ ને આપવાની રહેશે

રાજયની તમામ ઘટકોની તમામ આંગણવાડી માં લાભાર્થીઓને વાર્ષિક ઓછામાં ઓછા 300 દિવસ પુરકઆહાર મળી રહે તે માટે આઇસીડીએસ ની આંગણવાડી / મીની આંગણવાડી / અગરીયા વિસ્તાર ની આંગણવાડી / મોબાઇલ વાનમાં આંગણવાડી તથા અન્ય ખાતાની બાલવાડી કે આંગણવાડી ના લાભાર્થી ઓને વર્ષમાં ઓછામાં ઓછા 300 દિવસ પુરકપોષણ મળી રહે તેની કાળજી લેવાની જવાબદારી જિલ્લા પોગ્રામ ઓફીસર અને ઘટકના બાળ વિકાસ યોજના અધિકારીશ્રીની રહેશે

**મ્યુ કોર્પોરેશન વિસ્તારમાં આવેલ અર્બન વિસ્તારમાં કાર્યાન્વિત ઘટકોમાં હાલ ચાલતી પુરક આહાર આપવાની પધ્ધતિમાં ફેરફાર કરી નામ. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શક સુચનાઓ અને ભારત**

<u>**સરકારના નવા ન્યુટ્રીશન નોમ્સ મુજબ ૬ માસ થી ૩ વર્ષના બાળકો ને EFBF બાલભોગ THR તરીકે તથા સગર્ભા, ધાત્રી, કિશોરીઓ ને સુખડી, શીરો, ઉપમા, THR તરીકે આપવાના રહેશે.**</u>

<u>**૩ થી ૬ વર્ષ ના બાળકો ને આંગણવાડીમાં ગરમ પુરકઆહાર આપવા માટે માતૃમંડળ / સખી મંડળ મારફત પુરકઆહાર આપવા માટે મહીલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઇસીડી- ૧૧૨૦૦૯-૧૭૪૦-બ તારીખ ૨૪-૨-૨૦૧૦ ની શરતો મુજબ આપવાનો રહેશે. બપોરે ગરમ પુરકઆહાર ફોર્ટીફાઇડ આટા અને તેલ ગોળ મસાલા નો ઉપયોગ કરી આંગણવાડીમાં બનાવી વિતરણ કરવાનો રહેશે. ૩ થી ૬ વર્ષ ના અતિશય ઓછા વજનવાળા બાળકોને EFBF બાલભોગ THR વડે પુરકઆહાર આપવાનો રહેશે.**</u>

<u>**મ્યુ કોર્પોરેશન સ્વ ભંડોળમાં પુરકપોષણ માટે અન્ય ખર્ચ કરી શકશે જે આવકારદાયક રહેશે. પરંતુ આવો ખર્ચ રાજય કક્ષાએથી મળવા પાત્ર રહેશે નહીં તથા રાજય કક્ષાએ થી તમામ ખાધ્યસામગ્રી જેવીકે EFBF બાલભોગ, સુખડી, શીરો, ઉપમા, ફોર્ટીફાઇડ આટો, તેલ, ન્યુટ્રીકેન્ડી અર્બન ઘટકોને પુરી પડવામાં આવશે તેથી અર્બન ઘટકો તથા તેમના હસ્તકની સ્વૈ સંસ્થાઓને ખાધ્યસામગ્રી ખરીદવાની રહેશે નહી તથા તે અંગેનો ખર્ચની ગ્રાન્ટ અત્રેથી મળવાપાત્ર રહેશે નહી. આમ આ પરિપત્ર અનુસાર અમલવારી શરૂ થતાં સમગ્ર રાજય માં પુરકઆહાર ની એક સરખી પધ્ધતિ અપનાવવાની રહેશે. મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્વૈચ્છિક સંસ્થાઓ હસ્તક ચાલતા ઘટકો / આંગણવાડી કેન્દ્રોમાં પુરકઆહાર આપવા માટેની અલાયદી ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહી.**</u>

રાજયના ગ્રામ્ય અને ટ્રાયબલ ઘટકોની જેમ અર્બન ઘટકોને આ પરીપત્રનો અમલ કરી આંગણવાડી કાયર્કર દ્વારા બનાવવાની થતા પુરકઆહાર માટે બળતણ બીલ, ગોળ મસાલા બીલ તથા વાહતુક માટે વાહતુક ખર્ચ મળવાપત્ર રહેશે.

પરિશિષ્ટ –૧ થી ૬ માં જણાવેલ પુરકઆહાર અંગેનો અમલ આપના જિલ્લાના આઇસીડીએસ ઘટકો માં કેલેરી ડેન્સ ફુડ EFBF, સુખડી, શીરા, ઉપમા નો જથ્થો ઉત્પાદક દ્વારા તબકકાવાર પુરો પાડવામાં આવશે જથ્થો આંગણવાડી માં વિતરણ થયેથી તરતજ તેનો અમલ કરવાનો રહેશે. નામ. સુપ્રિમ કોર્ટ ના નિર્દેશો અનુસાર આઇસીડીએસ ના લાભાર્થીઓને વર્ષમાં ઓછામાં ઓછા ૩૦૦ દિવસ સતત પુરકઆહાર આપવું અનિવાર્ય છે. આથી કોઇ પણ સંજોગોમાં પુરકપોષણમાં વિક્ષેપ ન પડે તે જોવાની જવાબદારી તમામ મ્યુ કમિશ્નરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોગ્રામ ઓફીસરશ્રી તેમજ બાળ વિકાસ યોજના અધિકારીશ્રીની રહેશે. જરૂર જણાય ત્યારે લોક સહકારથી પણ પુરકપોષણ આહાર ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરી વિક્ષેપ નિવારવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

**નિયામક (આઇસીડીએસ)**
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

પ્રતિ,

(૧) મ્યુ કમિશ્નરશ્રી મ્યુ કોર્પોરેશન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત કચેરી તમામ.
(૩) પોગ્રામ ઓફીસરશ્રી આઇસીડીએસ જિલ્લા પંચાયત કચેરી તમામ
(૪) બાળ વિકાસ યોજના અધિકારીશ્રી આઇસીડીએસ તાલુકા પંચાયત કચેરી તમામ
(૫) નાયબ સચિવશ્રી મહીલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર
(૬) હિસાબી અધિકારીશ્રી વર્ગ- ૧ મજકુર કચેરી
(૭) સ્ટેટ પોગ્રામ ઓફીસર શ્રી આઇસીડીએસ, મહેકમ, સ્વૈ-સંસ્થા, મજકુર કચેરી
(૮)અત્રેની કચેરીના વર્ગ-૨ના અધિકારીશ્રીઓ તમામ.